विद्या सर्वार्थ साधिका

# આનંદાલય
## સામયિક પરીક્ષા
## ધોરણ-૬

વિષય: ગુજરાતી — કુલ ગુણ : ૨૦

તા: ૨૧ .૯ .૨૦૧૯ — સમય : ૧કલાક

નામ : ____________________ ધોરણ: _____ ક્રમાંક: _______________

પ્ર. ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

૧ કીડીઓથી છૂટકારો મેળવવા સાપે શું કર્યું? તેનું શું પરિણામ આવ્યું? ૨

૨ રાજાને શા માટે પસ્તાવો થતો હતો ? ૨

પ્ર.૨ નિર્દેશ પ્રમાણે લખો.

અ સમાનાર્થી શબ્દ આપો. ૪

| | | |
|---|---|---|
| ૧ | અરણ્ય | |
| ૨ | રૂધિર | |
| ૩ | સફેદ | |
| ૪ | પ્રાસાદ | |

બ વિરોધાર્થી શબ્દ આપો. ૪

| | | |
|---|---|---|
| ૧ | સાર્થક | |
| ૨ | ઝેરી | |
| ૩ | ધરતી | |
| ૪ | રાજા | |

પ્ર. ૩ નીચે આપેલા અંકોને શબ્દોમાં લખો. ૪

| | | |
|---|---|---|
| ૧ | ૮૩૦ | |
| ૨ | ૨૫૦૦ | |
| ૩ | ૬૮૪૨૧ | |
| ૪ | ૯૯૧૭૫ | |

પ્ર ૪ નીચે આપેલ વાર્તા વાંચીને પ્રશ્નોના જવાબ આપો ૪

મહેલમાં અકબર બાદશાહ અને બીરબલ ગોષ્ઠિ કરી રહયા હતા.અચાનક બાદશાહે બીરબલને સવાલ કર્યો, "બીરબલ શાસ્ત્રો કહે છે કે ઈશ્વર એક જ છે તેના સિવાય કોઈ બીજાનું અસ્તિત્વ નથી તો પછી બધાં ભગવાનનાં આટલાં બધાં નામ કેમ છે? સ્વરૂપ કેમ છે?"

બીરબલે કહયુ "જહાંપનાહ એનો જવાબ મેળવવા માટે આપણે એક પ્રયોગ કરીએ" અકબરે કહયું "જો એ પ્રયોગ કરવાથી મારા પ્રશ્નનો જવાબ મળતો હોય તો જ એ પ્રયોગ કરીએ" બીરબલે દીવાનેખાસના પહેરા પર ઊભેલા એક ચોકીદારને બોલાવ્યો.ચોકીદારની પાઘડી તરફ ઈશારો કરતાં બીરબલે બાદશાહને પૂછયું "જહાંપનાહ આ શું છે ત આપ તો જાણો જ છો છતાં આપ મને જણાવો કે આ શું છે?" અકબરે હસતાં હસતાં જવાબ આપ્યો " આ તો પાઘડી છે" બીરબલે ચોકીદારને કહયું "પાઘડી ખોલીને કમરે બાંધી દે." ચોકીદાર અચકાયો અને બાદશાહ સામે જોયું.બાદશાહે માથું હલાવીને પાઘડી બાંધવા પરવાનગી આપી.ચોકીદારે અચકાતાં અચકાતાં પોતાની પાઘડી ખોલીને કમરે બાંધી દીધી.

હવે બીરબલ અકબરની સામે જોઈને બોલ્યો "આ પણ તમે જાણતા હશો છતાં કહેશો કે આ શું છે?" અકબરે જવાબ આપ્યો "આને કમરબંધ કહેવાય." હવે બીરબલે ચોકીદારને કહયું ભાઈ હવે કમરેથી ખોલીને આ પાઘડી ખભે મૂકી દે" ચોકીદારે આ વખતે પણ અકબર સામે જોયું અને અકબરે હા પાડી.ચોકીદારે પોતાની પાઘડી કમરેથી ખોલીને પોતાના ખભા પર મૂકી દીધી બીરબલ અકબરની સામે જોઈને બોલ્યો "આ પણ તમે જાણતા હશો છતાં કહેશો કે આ શું છે?" અકબરે જવાબ આપ્યો "આને ખેસ કહેવાય."

બીરબલે ચોકીદારને કહયું ભાઈ હવે ખભાથી ઉતારીને આ મારા હાથમાં આપ તો" અકબરે ચોકીદારને ઈશારો કરી બીરબલને આપવા કહય. બીરબલે પાઘડીના કાપડને પોતાના બન્ને હાથથી પહોળુ કરી પૂછયું "હવે જહાંપનાહ કહેશો કે આ શું છે?" અકબર

મૂંઝાયો અને સામેથી બીરબલને પૂછ્યું "શું છે આ?" બીરબલે કહ્યુ આ કાપડ છે જહાંપનાહ . આપના સવાલનો આ જવાબ હતો.આ કાપડ ચોકીદારના માથે બાંધ્યું તો એ પાઘડી હતી.જ્યારે એ કમરે બંધાયું તો એ કમરબંધ થઈ ગયું. એ કાપડને ખભે નાંખ્યું તો એ ખેસ બની ગયો અને આપણા હાથમાં એને રાખ્યું તો એ કાપડ જ રહયું."

અકબર બોલ્યો વાહ આવું તો કદી વિચાર્યુ જ નહોતું. પણ આમાં મારા સવાલનો જવાબ ક્યાં છે?" બીરબલે કહ્યું " ભગવાન આ કાપડ જેવો છે.એનું પોતાનું કોઈ રુપ નથી.જેમ કાપડને જ્યાં પહેરવામાં આવે છે અને એનું નામ બદલાય જાય છે એવું જ ભગવાનનું પણ છે અની કલ્પના આપણે આપણી રીતે કરીએ છીએ અને એનું રુપ આપણી રીતે વિચારીએ છીએ.પછી આપણે એને અલગ નામ આપીએ છીએ.ખરેખર એ બધાં જ રુપ ભગવાનનાં છે ."

અકબરે ખુશ થઈને કહ્યુ "અરે વાહ બીરબલ તે તો મને આ વાત અત્યંત સરળતાથી સમજાવી દીધી."

૧. અકબર બાદશાહે બીરબલને શું પ્રશ્ન પૂછ્યો ?

| |
|---|
| |
| |
| |

૨ પ્રયોગ કરવા માટે બીરબલે કોને બોલાવ્યો ?

| |
|---|
| |
| |
| |

૩. ચોકીદારની પાઘડીએ કયું કયું રુપ ધારણ કર્યું ?

| |
|---|
| |
| |
| |

૪ આ વાર્તામાંથી તમને શું શીખ મળે છે ?

| |
|---|
| |
| |
| |